For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નવરાત્રિ

તંત્રને જવાબદારીઓ લેવી નથી, નિયમ તૂટ્યા તો તમામ જવાબદારી આયોજકોની

# 50થી વધુ ભેગા થયા તો રેકોર્ડ જરૂરી!!

**30 કડક શરતો સાથે ફાયર વિભાગની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી પરંતુ એકેય પળાશે કે કેમ? તે નક્કી નથી**

**ગણેશ પંડાલ માટે પણ આવી જ ગાઇડલાઇન રખાઇ હતી, પરંતુ એકેય આયોજક સામે કાર્યવાહી થઈ નથી!**

સુરતઃ નવરાત્રિ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરત શહેરમાં પાર્ટી પ્લોટ, ક્લબ અને મોટા ડોમમાં ગરબા આયોજનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. હજારો ખેલૈયાઓ એકસાથે એકત્રિત થવાના હોવાથી આગ સહિતની દુર્ઘટનાઓને અટકાવવા ફાયર વિભાગે મંડપ, પંડાલ અને ટેમ્પરરી સ્ટ્રક્ચર માટે 30 જેટલી કડક શરતો સાથે માર્ગદર્શિકા જાહેર કરી છે. ખાસ કરીને મોટા પંડાલમાં ક્ષમતા કરતાં વધુ લોકોને પ્રવેશ નહીં આપવો, ઈમરજન્સી સમયે ફાયર ...અનુસંધાન પાના 5 પર

## આયોજકોએ કયા કયા નિયમોનું પાલન કરવું પડશે??

1. 500 ચો.મી.થી મોટા અને 9 મીટરથી વધુ ઊંચા પંડાલમાં 50થી વધુ લોકો હોય તો હાજર લોકોનો રેકોર્ડ રાખવો.
2. દરેક વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર અને સરનામું નોંધવું.
3. પંડાલની નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ લોકોને પ્રવેશ ન આપવો.
4. વ્યક્તિદીઠ ઓછામાં ઓછી 1 ચો.મી. જગ્યા રાખવી.
5. મુખ્ય સ્ટેજ મેઈન રોડથી 45 મીટરથી વધુ દૂર ન રાખવો.
6. ફાયર બ્રિગેડના વાહન માટે પહોંચવાના રસ્તા ખુલ્લા રાખવા.
7. ઈમરજન્સી એક્ઝિટની યોગ્ય વ્યવસ્થા રાખવી.
8. પ્રવેશદ્વારની પહોળાઈ અને ઊંચાઈ ઓછામાં ઓછી 5 ફૂટ રાખવી.
9. જ્વલનશીલ પદાર્થોનું ગોડાઉન સ્કૂલ કે હોસ્પિટલથી ઓછામાં ઓછું 10 ફૂટ દૂર રાખવું.
10. મુખ્ય પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરની અંદર કોમર્શિયલ સ્ટોલ ન બનાવવા.
11. ખાણી-પીણીના સ્ટોલ પંડાલની અંદર ન રાખવા.
12. તમામ ઈલેક્ટ્રિકલ વાયરિંગ અને સાધનોની તપાસ કરાવવી.
13. માન્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર પાસેથી ફિટનેસ સર્ટિફિકેટ મેળવવું.
14. ઈમરજન્સી જાહેરાત માટે કાર્યરત પબ્લિક એડ્રેસ સિસ્ટમ રાખવી.
15. 2થી 3 પ્રશિક્ષિત સુરક્ષા ગાર્ડ રાઉન્ડ ધ ક્લોક તહેનાત રાખવા.
16. સુરક્ષા ગાર્ડને ફાયર એક્સ્ટિંગ્યુશર ચલાવવાની તાલીમ આપવી.

...અનુસંધાન પાના 5 પર


1


2



3



4



5

માર્કેટોમાં આગનો સિલસિલો યથાવત, હવે સંગિની હબ-માં આગ લાગી


(તસવીર : સતીષ જાદવ)

# સાત દુકાન ભેગા કરીને બનાવાયેલી દુકાનના મેઝેનાઈન ફ્લોરમાં આગ

**પહેલા માળે એક જ માલિકની સાત દુકાનો હોવાથી તમામ ભેગી કરી દેવાઈ હતી**

**સિન્થેટિક કાપડ-સાડીના જથ્થાને પગલે ભારે ગરમી સાથે ધુમાડો છવાઈ જતાં અફરાતફરી મચી**

**ફાયરની 10થી વધુ ગાડી દોડી ગઈ, ત્રણ કલાકે આગ કાબુમાં આવી પણ કરોડોનુ નુકશાન**

સુરતઃ દિવાળીના તહેવારની ખરીદીની સીઝન શરૂ થાય તે પહેલાં જ સુરતના કાપડ બજારમાં આગની વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. સારોલી રોડ પર આવેલા સંગીની હબ-2 ટેક્સટાઇલ માર્કેટના પહેલા માળે સોમવારે બપોરે આશરે 3 વાગ્યાના અરસામાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગે જોતજોતામાં પહેલા માળના મોટા ભાગને લપેટમાં લેતાં 7થી વધુ દુકાનોમાં રહેલું કાપડ અને અન્ય મટિરિયલ બળીને ખાખ થઈ ગયું હતું. ડિવિઝનલ ફાયર ઓફિસર ક્રિષ્ણા મોઢેના જણાવ્યા મુજબ, પાંચ-સાત દુકાનો ભેગી કરીને બનાવેલી એક ...અનુસંધાન પાના 5 પર

### ધુમાડાના ગોટેગોટા નીકળતાં નાસભાગ: એક લાશ્કર ગૂંગળાઈ જતાં બેભાન, ત્રણ કલાકે આગ કાબૂમાં આવી

સંગીની હબ-2 ટેક્સટાઇલ માર્કેટમાં સામાન્ય દિવસની જેમ ધમધમાટ ચાલી રહ્યો હતો, ત્યારે માર્કેટના પહેલા માળે આવેલી દુકાનમાંથી અચાનક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ધુમાડાના કાળાડિબાંગ ગોટેગોટા ચારેતરફ ફેલાઈ ગયા હતા. ધુમાડો સમગ્ર બિલ્ડિંગમાં પ્રસરી જતાં શ્વાસ લેવામાં પણ તકલીફ ઊભી થઈ હતી, જેને પગલે માર્કેટમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને લોકો જીવ બચાવવા માટે બહાર દોડી આવ્યા હતા. આગ ...અનુસંધાન પાના 5 પર

### દિવાળી અગાઉ વધુ એક આગથી વેપારીઓમાં ભારે ચિંતા

દિવાળીના તહેવાર પહેલાં માર્કેટમાં કરોડો રૂપિયાના કાપડનો સ્ટોક હોવાથી આગ અન્ય દુકાનોમાં ફેલાય નહીં તે માટે વેપારીઓમાં ભારે ચિંતા અને ભયનો માહોલ સર્જાયો હતો. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાની આશંકા વ્યક્ત કરવામાં ...અનુસંધાન પાના 5 પર

### માર્કેટ બંધ કરાવી તપાસ શરૂ કરાઈ

ફાયર વિભાગના વડા ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ફાયર વિભાગના જવાનોએ ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં લઈ લીધી હતી અને આગ વધારે ફેલાય નહીં તે અંગે સતત ધ્યાન રાખતાં અન્ય દુકાનોને વધુ નુકસાન થયું નથી. ...અનુસંધાન પાના 5 પર

### અગાઉની આગમાં ઇરાદાપૂર્વક આગ લગાડવાનો ઘટસ્ફોટ, હાલની ઘટનામાં તપાસ શરૂ

સંગિની માર્કેટમાં અગાઉ તા.9ના રોજ છઠ્ઠા માળની 17 દુકાનોમાં ભીષણ આગ લાગી હતી. પોલીસ તપાસમાં તે આગ આકસ્મિક નહીં પરંતુ ઇરાદાપૂર્વક લગાડવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો અને આરોપી સીસીટીવીમાં કેદ થયો હતો. હાલ સંગિની હબ-2ના પહેલા માળે લાગેલી આગનું ચોક્કસ કારણ પ્રાથમિક તબક્કે સામે આવ્યું નથી. અગાઉની ઘટનાને પગલે આ આગને લઈને પણ સવાલો ઊભા થતાં પોલીસ દ્વારા સીસીટીવી સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.



### 15થી વધુ ફાયર ફાઈટરો ઘટના સ્થળે ખડકી દેવાયા

ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર કંટ્રોલ રૂમ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી 15થી વધુ ફાયર ટેન્ડરો તાબડતોબ ઘટનાસ્થળે રવાના કરાયાં હતાં. ફાયર જવાનોએ તાત્કાલિક માર્કેટ ખાલી કરાવીને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. કાપડનો મોટો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી આગળ વધી રહી હોવાથી તેને રોકવા માટે ફાયર વિભાગ દ્વારા ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવવામાં આવ્યો હતો.

મુગલીસરા મનપા કચેરીમાં ACBનું છટકું

# રૂપિયા 25 હજારની લાંચમાં 84 હજારનો પગારદાર સિક્યુરિટી ઓફિસર ઝડપાયો

**પાલિકાના કર્મીને ગર્ભવતી પત્નીની સારવાર માટે જવા દેવા અને ગેરહાજરીનો મેમો ન આપવા બદલ લાંચ માંગી હતી**



સુરતઃ સુરત મહાનગરપાલિકાના તાપીપુરા, વોચ એન્ડ વોર્ડ વિભાગમાં ફરજ બજાવતા ૮૫ હજાર પગારદાર સિક્યુરિટી ઓફિસરને કર્મચારી પાસેથી રૂ.25 હજારની લાંચ સ્વીકારતા સુરત ગ્રામ્ય ACBએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. કર્મચારીની પત્ની ગર્ભવતી હોવાથી તેને અવારનવાર તબીબી સારવાર માટે સાથે જવું પડતું હતું. આ માટે ફરજ દરમિયાન જવા દેવા તેમજ ગેરહાજરી અંગે મેમો નહીં આપવા બદલ સિક્યુરિટી ઓફિસરે રૂ.25 હજારની લાંચ માગી હતી.

ACBના જણાવ્યા મુજબ, તાપીપુરા મુગલીસરા ખાતે સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગમાં વર્ગ-3ના સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા શૈલેષ મણીલાલ પારેખે ફરિયાદી મનપા કર્મી પાસેથી રૂ.25 હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન ...અનુસંધાન પાના 5 પર

‘અમે અહીં ફસાઈ ગયા છીએ, પ્લીઝ અમને હેલ્પ કરો...’

# કેદારનાથ વિસ્તારમાં ભારે વરસાદથી સુરતના યાત્રીઓ ફસાયા પણ સુરક્ષિત

**સુરતના અલથાણના રંજનબેનનો શનિવારનો રડતાં-રડતાં વીડિયો સામે આવ્યો હતો,**

**વિડીયોમાં ગુજરાત સરકાર પાસે મદદની અપીલ પણ માંગી હતી, પણ હાલ બધા સુરક્ષિત નીકળી ગયા છેઃ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ**

સુરતઃ ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રા દરમિયાન ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે સુરત અને અમદાવાદના 14 યાત્રિકો મુશ્કેલીમાં ...અનુસંધાન પાના 5 પર

### ‘ગુજરાત સરકાર અમને મદદ કરે’: રંજનબેને વિડીયોમાં અપીલ પણ કરી હતી



આ વિકટ પરિસ્થિતિ વચ્ચે સુરતના અલથાણના રંજનબેન પંચાલનો એક વીડિયો સામે આવ્યો હતો. વીડિયોમાં તેઓ અત્યંત ભાવુક અને રડતાં જોવા મળ્યા હતા. તેમણે વીડિયોમાં જણાવ્યું હતું કે, “હું રંજન પંચાલ, અમે પરમ દિવસથી ...અનુસંધાન પાના 5 પર

### ભારે વરસાદ અને ભૂસ્ખલનથી સર્જાઈ હતી મુશ્કેલી

કેદારનાથ વિસ્તારમાં અચાનક હવામાન બગડતાં અને સતત વરસાદને લીધે રસ્તાઓ બંધ થઈ ગયા હતા. આ પરિસ્થિતિમાં 14 ...અનુસંધાન પાના 5 પર

### તમામ યાત્રિકો સુરક્ષિત, પરિવારોએ રાહતનો શ્વાસ લીધો

આ પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક પ્રશાસન દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં 14માંથી 3 યાત્રિકોને હેલિકોપ્ટર ...અનુસંધાન પાના 5 પર

# પાર્લે પોઈન્ટની ‘બાર્બેક્યુ નેશન’માંથી સડેલા બટાકા અને વાસી મશરૂમ મળ્યા

**રસોડામાં કાળા પડી ગયેલા બટાકા અને દુર્ગંધ મારતા મશરૂમ દેખાડતાં વિડીયો વાયરલ કરીને ગ્રાહકનો આક્રોશ, ફૂડ વિભાગને ફરિયાદ**






સુરતઃ સુરતના પોશ ગણાતા પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલી જાણીતી રેસ્ટોરન્ટ ‘બાર્બેક્યુ નેશન’માં ગ્રાહકોને સડેલી અને વાસી ખાદ્યસામગ્રીમાંથી ભોજન પીરસાતું હોવાના આક્ષેપથી ભારે વિવાદ સર્જાયો છે. રેસ્ટોરન્ટમાં જમવા આવેલા કેટલાક ગ્રાહકોએ રસોડામાં રાખવામાં આવેલા કાળા પડી ગયેલા બટાકા અને દુર્ગંધ મારતા મશરૂમનો વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરતાં મામલો ચર્ચામાં આવ્યો છે.

વાયરલ વિડીયોમાં ગ્રાહકો રેસ્ટોરન્ટના કિચનમાં રાખવામાં આવેલા બટાકા અને મશરૂમ કેમેરા સામે બતાવતા જોવા મળે છે. બટાકા કાળા પડી ગયેલા હોવાનું અને મશરૂમમાંથી દુર્ગંધ આવતી હોવાનો આક્ષેપ ગ્રાહકો દ્વારા કરવામાં આવ્યો છે. એક રોષે ભરાયેલા ગ્રાહકે વિડીયોમાં રેસ્ટોરન્ટની ક્વોલિટી, ફૂડ સેફ્ટી અને સર્વિસ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ગ્રાહકના જણાવ્યા મુજબ ખાદ્યસામગ્રી અંગે ફરિયાદ કરવામાં આવી ત્યારે મેનેજમેન્ટ તરફથી યોગ્ય જવાબ મળ્યો નહોતો અને સ્ટાફ કિચન તથા કાઉન્ટર છોડીને જતો રહ્યો હતો. વિડીયોમાં કેટલાક ગ્રાહકો ભોજન અધૂરું છોડીને ટેબલ પરથી ઊભા થઈ જતા પણ જોવા મળે છે.

આ વિડીયો અને સમગ્ર મામલો સામે આવ્યા બાદ સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ફૂડ વિભાગના અધિકારી ભાવેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આ મામલે ગ્રાહક તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી. જોકે, મીડિયા દ્વારા ઘટનાની જાણ થતાં ફૂડ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં ...અનુસંધાન પાના 5 પર




આજથી મનપાની અત્યાધુનિક ઈ-બસનું ટ્રાયલ શરૂ થશે

# નવી ઈ-બસમાં CCTV કેમેરા, એક જ ચાર્જિંગમાં આખો દિવસ દોડશે

**બસમાં સીસીટીવી કેમેરા અને પેસેન્જર કાઉન્ટ સિસ્ટમ પણ ઉપલબ્ધ**

**નવેમ્બર સુધીમાં 100 નવી ઇલેક્ટ્રિક બસો મેળવવાની કવાયત**

સુરતઃ સુરત શહેરમાં સિટીબસ અને બીઆરટીએસની સુવિધા વધુ સુગમ બનાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા નવી ઈલેક્ટ્રિક બસો મેળવવાની કવાયત તેજ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર સમક્ષ 600 ઈલેક્ટ્રિક બસો માટે રજૂઆત કરવામાં આવી છે, જેમાંથી પ્રથમ તબક્કામાં 100 બસ નવેમ્બર સુધીમાં પાલિકાને મળે તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે. આ બસોને રૂટ પર દોડાવતા પહેલાં મંગળવારથી ટ્રાયલ રન શરૂ કરવામાં આવશે. આ બસોની વિશેષતા એ છે કે બસમાં સીસીટીવી કેમેરા તેમજ પેસેન્જર કાઉન્ટ સીસ્ટમ પણ હોવાથી ટિકિટ કોભાંડ અટકવાની આશા છે. આ ઉપરાંત હાલની ઈ-બસોમાં ચાર્જીંગ કેપેસિટી ઓછી હોવાથી ચાર્જીંગ માટે અમુક કલાકો બાદ બંધ રાખવી પડે છે પરંતુ હવે આવનારી આ બસમાં ...અનુસંધાન પાના 5 પર

# મકાનના વિવાદમાં બે જૂથ વચ્ચે ધીંગાણું

**અમરોલીની મનીષા સોસાયટીમાં પાવડા-લાકડાથી હુમલો, ૧૦થી વધુને ઇજા**

**સ્થિતિ કાબૂમાં લેવા પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો, રાયોટિંગના ગુનામાં પાંચ ઝડપાયા**

સુરતઃ અમરોલીના જૂના કોસાડ રોડ પર આવેલી મનીષા સોસાયટીમાં મકાનના વિવાદ અને જૂની અદાવતને પગલે મોડી રાત્રે બે જૂથ વચ્ચે લોહિયાળ ધીંગાણું સર્જાયું હતું. બંને પક્ષના લોકો પાવડા, લાકડાના ફટકા અને પથ્થરો સાથે સામસામે આવી જતાં જાહેરમાં મારામારી ...અનુસંધાન પાના 5 પર


(તસવીર : સતીષ જાદવ)









અમદાવાદી ઘાંચી અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે
ડોક્ટર અરુણકુમાર અમરતલાલ દલાલ
તા. 28/09/26 સોમવારના રોજ અક્ષરનિવાસી થયા છે.
સદ્દગતનું બેસણું: તારીખ 29-09-26 ના રોજ મંગળવારે સાંજે 5 થી 7 નીચેના મુકામે રાખ્યું છે.
સ્થળ : ગ્રાઉન્ડ ફ્લોર, લાયન્સ ક્લબ હોલ, લાલજી નગર, અડાજણ, સુરત
શોકાકુલ પરિવાર
જતીનકુમાર અરુણભાઈ દલાલ (પુત્ર) 94261-51021
પિંકી જતીનકુમાર દલાલ (પુત્રવધુ) 94266-25167
હિરેનકુમાર અરુણકુમાર દલાલ (પુત્ર) 94283-98708
હેતલ હિરેન દલાલ (પુત્રવધુ) 94283- 98708
સ્વ. ડો. અરૂણકુમાર અમરતલાલ દલાલ
સ્વ. તા. ૨૮/૦૯/૨૦૨૬

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

શ્રધ્ધાંજલિ



જીવન યાત્રાનાં ૯૫ વર્ષની આયુની
છેલ્લી ઘડી સુધી તેઓ જીવ્યા ત્યાં સુધી
અડધી જીંદગીની સેવાયાત્રામાં
પ. પૂજ્ય શ્રી ભારતીમૈયા – “પૂજ્ય માં” ના
માનવ કલ્યાણકારી સેવાકીય સંકલ્પોને
સદા આગળ ધપાવવાના સતત પ્રયાસો થકી,
સેવાકીય સંસ્થાની પ્રગતિ કૂચને કાયમ રાખવા માટે
સતત કાર્યરત રહ્યા, તેઓની દક્ષતા,
દીર્ઘદ્રષ્ટિ, કાર્યકુશળતા તેમજ સંસ્થા પ્રત્યે
સ્વાર્પણની ભાવના સાથે સંસ્થામાં તેમના જીવનનાં
અમૂલ્ય સમયનું યોગદાન રહ્યું એવા
શ્રી રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટીની
આપણી વચ્ચેથી ચિર વિદાયથી સંસ્થાએ
એક કર્તવ્યનિષ્ઠ રત્ન ગુમાવ્યો છે.
સદ્દગતના આત્માને શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાઓ
એજ અમારી સૌની પ્રભુને પ્રાર્થના...

સ્વ. રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટી
સ્વ. તા. ૨૮/૦૯/૨૦૨૬

ટ્રસ્ટી મંડળ
શ્રી કનુભાઈ એચ. શાહ (પ્રમુખ)
શ્રી યોગેશભાઈ જે. પરીખ (વાઈસ ચેરમેન)
શ્રી કશ્યપભાઈ પી. ખરચીયા (સહ સેક્રેટરી)
શ્રી નિતીનભાઈ કે. શાહ (સહ ટ્રેઝરર)
શ્રી સેવંતીભાઈ પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કિર્તીભાઈ એચ. સંઘવી (ટ્રસ્ટી)
ડૉ. શ્રી ધનસુખભાઈ બી. શાહ (ટ્રસ્ટી)
ડૉ. શ્રી મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ (ચેરમેન)
શ્રી મનિષભાઈ એમ. કતારગામવાળા (સેક્રેટરી)
શ્રી રૂપેન્દ્રસિંહ બી. મકવાણા (ટ્રેઝરર)
શ્રીમતી ચંદ્રિકાબેન બી. મકવાણા (ટ્રસ્ટી)
શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકીયા (ટ્રસ્ટી)
શ્રી કિશોરભાઈ એચ. સંઘવી (ટ્રસ્ટી)
ડૉ. શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી (ટ્રસ્ટી)
શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ (શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ)
“શ્રી ભારતીમૈયા સ્મૃતિભવન” સગરામપુરા, લાલવાડી, રીંગરોડ, સુરત.